|| વિના સહકાર ... || || સત્યમેવ જયતે || || પંચ ત્યાં પરમેશ્વર ||
|| સ્વચ્છતા એજ પ્રભુતા || || જળ એજ જીવન ||

# શ્રી દધ્ધર મોટી જૂથ ગામ પંચાયત

(દધ્ધર મોટી, દધ્ધર નાની, વાગુરા, દેઢીઆ (નાના-મોટા), સાધારા)
મુ. દધ્ધર મોટી, તા. ભુજ-કચ્છ.

જા. નં. : તારીખ :

પ્રતિ શ્રી,
એ.કે.જોતી
ચીફ સેક્રેટરી તથા ચેરમેન
સ્ટેટ લેવલ મોનીટરીગ કમીટી અંડર
એફ.આર.એ.,૨૦૦૬ ગુજરાત સરકાર

**વિષય : વન અધિકાર અધિનિયમ ની કલમ ૭ અને ૮ હેઠળ બન્નીમા વન અધિકાર કાનુનના અમલીકરણ થયેલ નથી તે બાબતે તેમજ વનવિભાગ દ્વારા માલધારીઓના અધિકારોના હનન સામે કરેલ અરજી બાબતે.**

મહોદય શ્રી

અમો, બન્નીની .................પંચાયત તરફથી આપના ધ્યાનમાં લાવવા ઇચ્છીએ છીએ કે તાં..........ના રોજ અમો એ SLMC ને વન અધિકાર કાનુન ના કલમ ૭ અને ૮ હેઠળ એક નોટીસ જારી કરેલ હતી જેમા બન્ની પ્રોટેકટેડ ફોરેસ્ટમા વન અધિકાર કાનુન-૨૦૦૬ નો અમલ શરૂ કરવા અને વન વિભાગ દ્વારા બનાવેલ બન્ની વર્કીંગ પ્લાનથી માલધારીઓના અધિકારોના હનન બાબતે આપનુ ધ્યાન દોરવા અને કાર્યવાહી કરવા નોટીસ મોકલેલ હતી.

સરપંચ
શ્રી દધ્ધર મોટી જૂથગ્રામ પંચાયત
... કચ્છ.

આગળ........................

અમને એ જણાવતા ખુબ દુઃખ થાય છે કે આ નોટીસને ૬૦ દિવસ પસાર થઇ ગયા છતાં આપના તરફ થી કે આદિવાસી કલ્યાણ વિભાગ તરફથી અમોને હજી સુધી કોઇ પ્રતિસાદ મળ્યો નથી.જો કે તા : ૧૧/૪/૨૦૧૨ ની તારીખનો એક પત્ર ડીસીએફ સાહેબની કચેરીએ થી મળેલ છે . જે આમારા દ્વારા મોકલેલ નોટીસ નો સંદર્ભ લે છે અને તેમા જણાવેલ મુદદાઓ નો જવાબ આપે છે.

આપ જાણો છો તેમ વન અધિકાર કાનુનને અમલ કરવા માટેની જવાબદાર સંસ્થા આદિવાસી કલ્યાણ વિભાગ છે અને કલમ ૭ અને ૮ હેઠળ કરાયેલ અરજી પર કાર્યવાહી કરવા માટે કાયદેસર રીતે સ્ટેટ લેવલ મોનીટરીગ કમીટી જવાબદાર છે. જેથી વન વિભાગ દ્વારા અપાયેલો જવાબ અમને માન્ય નથી અને એસ.એલ.એમ.સી/આદીવાસી કલ્યાણ વિભાગ દ્વારા આ નોટીસનો જવાબ અમને મળવો જોઇએ.

જયારે અમે એસ.એલ.એમ.સી.તરફ જવાબ માગીએ છીએ ત્યારે અમે એ જણાવવા ઇચ્છીએ છે કે વન વિભાગ તરફથી મળેલો પ્રતિસાદ પોતે જ વન અધિકાર કાનુન નો ઉલ્લંઘન છે. અમારા દ્વારા કરાયેલ અરજીમા ઉઠાવેલ મુદદાઓ તેના પર વનવિભાગ દ્વારા કરેલી ટીપ્પણીઓ અને તેના પર અમારી પ્રતિક્રીયાઓ નીચે ઉલ્લેખ કરેલ છે

બાબત -૧

વન અધિકાર કાનુનના સેકશન -૩ (આઇ)૧ અને સેકશન -૫ વનભુમિ વ્યવસ્થાપનનો ગ્રામસભાને મળેલા અધિકારનો ભંગ થવા બાબતે.

ટિપ્પણી

વન અધિકાર કાનુનનું અમલીકરણ વનવિભાગ દ્વારા કરવામા આવતુ નથી અને બન્ની રક્ષિત જંગલ વિસ્તારમા સ્થાનિક લોકોના અધિકાર/સેટલમેન્ટ જેવી કાર્યવાહી આજદિન સુધી હાથ ધરવામા આવેલ ન હોઇ અને આવા અધિકારો અંગેનો દસ્તાવેજ ઉપલબ્ધ ન હોઇ તેના ભંગ કે હનન નો પ્રશ્ન રહેતો નથી.

- નોંધનીય બાબત એ છે કે વન અધિકાર કાનુન નો સેકશન -૪(૧) શરૂઆત થી જ અનુસુચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનનિવાસીઓના સેકશન-૩ હેઠળ જણાવેલ અધિકારો ને ઓળખે છે તેમજ માન્ય કરે છે. વન અધિકાર કાનુનના સેકશન ૪(૫) અનસુચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનનિવાસી ના વનઅધિકારોને રક્ષણ આપે છે જયારે માન્યતા અને નિદાનની પ્રક્રીયા ચાલતી હોય અને જણાવે છે કે જયા સુધી ચકાસણી અને માન્યતાની પ્રક્રીયા પુરી ન થાય,ત્યા સુધી

કોઇ પણ અનુ.જનજાતિ કે અન્ય પરંપરાગત વન નિવાસીઓ ને ત્યા થી કાઢવા મા નહી આવે. માલધારીઓ બન્ની ઘાસિયાભુમિ પર હકક ધરાવે છ અને વન અધિકાર કાનુન હેઠળ આ અધિકારો ને માન્યતા મળે તેવી માંગ કરે છે.સરકારી સત્તાધીશો એ ફરજથી બંધાયેલા છે. સરકારી સત્તાધીશો એ ફરજથી પણ બંધાયેલા છે કે માન્યતાની પ્રક્રીયા પુર્ણ ન થાય ત્યા સુધી જે અધિકારો વન અધિકાર કાનુનની હેઠળ સુરક્ષિત છે તેમનુ હનન ન થાય જો કે વન વિભાગના વર્કીંગ પ્લાનના અમલીકરણની પ્રક્રીયા તેમજ વાડા બનાવવાની પ્રક્રીયા થી માલધારીઓના હકકો ખાસ કરીને બન્ની ઘાસીયાભુમિ પર ચરિયાણને અસર થયેલ છે તેથી વનવિભાગ દ્રારા અધિકારોના કથિત હનનની વાત ને એવુ કહીને બરતરફ કરવામા આવે છે કે અધિકારોની પ્રક્રીયા બન્નીમા શરૂ નથી થઇ અથવા પુરતા દસ્તાવેજ ઉપલબ્ધ નથી એ બીલકુલ માન્ય નથી. તેના બદલે આને વનઅધિકાર કાનુન નુ ઉલ્લઘન મનાશે કારણ કે વનવિભાગ આપખુદ રીતે આ મુદો દુર ના કરી શકે જયા સુધી તે નિયુકત અધિકારીઓ એટલે કે સ્ટેટ લેવલ મોનીટરીગ કમીટી (SLMC), જીલ્લા સ્તરીય સમીતી (DLC) અને તાલુકા સ્તરીય સમીતી (SDLC) પાસેથી ખાતરી કરીને તથ્યો ન જાણી લે.

બાબત -૨

કરછ જિલ્લાના રક્ષિત જંગલ વિસ્તાર માટે વન વિભાગ, કરછ દ્રારા તૈયાર કરાયેલ વર્કીંગ પ્લાન અને તેના અમલીકરણ દ્રારા અમારા સામુદાયિક અધિકારોના હનન બાબતે.

ટિપ્પણી :-

ઊપરોકત બાબતે નિવેદન કે,બન્ની વિસ્તારનો વર્કીંગ પ્લાનએ ભારતની સર્વોચ્ચ અદાલતના હુકમો અને રાષ્ટ્રીય વન પોલીસી ૨૦૦૧ ની જોગવાઇ મુજબ બનાવવામા આવેલ છે. આ વર્કીંગ પ્લાન બનાવતી વખતે ઉપલબ્ધ ડેટા અને વૈજ્ઞાનીક અખતરાઓના તારણને ધ્યાને રાખવામા આવેલ છે. આ વર્કીંગ પ્લાનને રાજય કક્ષાની તજજ્ઞ સમિતિ /રાષ્ટ્રીય કક્ષાની તજજ્ઞ સમિતિની ભલામણોથી કેન્દ્ર સરકાર દ્રારા મંજુર કરાવેલ છે. આ વર્કિંગ પ્લાનના બન્ની વિસ્તારમા અમલીકરણ થવાથી આ ઘાસીયા જમીનને નવપલ્લવિત કરી શકાશે અને બન્ની વિસ્તારમા કુદરતી રીતે ઉગી આવતા ગાડાબાવળ ના વૃક્ષમાંથી કોલસો બનાવી સ્થાનીક લોકોને રોજગારી અને પંચાયતને કાયમી આવક ઉભી કરી શકાશે.

ઘસીયા જમીન નવપલ્લવિત થતા આ વિસ્તારના પશુઓ તથા પશુપાલકોને ફાયદો થશે સાથે સાથે રણ કાંઠે આવેલા વિસ્તારને વૃક્ષોથી ઢાંકી રક્ષણ આપવાથી રણની ખારાશ બન્નીમા પ્રસરાતી અટકાવી શકાશે. આ બાબતે વર્કીંગ પ્લાન અમલીકરણમા સ્થાનીક લોકો ને સાંકળી જોઇન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટથી અમલીકરણ

કરવાની પણ જોગાવઇ કરવામા આવેલ છે. આમ સ્થાનીક લોકો ને સાથે રાખી સમગ્ર બન્ની વિસ્તારને વૈજ્ઞાનીક ઢબે નવપલ્લવિ કરી સમૃધ્ધ કરવાનો ઉદેશ આ વર્કીગ પ્લાનમા રહેલો છે. ઉપરોકત વિગતથી જણાય છે કે,વર્કીગ પ્લાન અમલીકરણ સામે જે મુદાઓ સ્થાનિક અગ્રણીઓ દ્રારા ઉપસ્થીત કરવામા આવેલ છે તે અસ્થાને છે.

- વન અધિકાર અધિનિયમ ના સેકશન-૪(૧) બીજા કાયદાઓમા કોઇ પણ નિયમો હોવા છતા FRA ના સેકશન ૩ હેઠળ અનુ.જનજાતી તેમજ અન્ય પરંપાગત વનનિવાસીના અધિકારોને ઓળખે છે તેમજ માન્ય કરે છે. વર્કિંગ પ્લાન હનન નથી કેમકે એને ભારતની સુપ્રીમ કોર્ટના નિર્દેશો અને રાષ્ટ્રીય વનનીતિ ૨૦૦૧ ની જોગવાઇઓ મુજબ બનાવવામા આવ્યો છે,તે દાવો ખોટો છે.અમો ફરી એવુ કહીએ છે કે આ વર્કિંગ પ્લાન ૨૦૧૦ મા વન અધિકાર કાનુન ના અમલ થયા પછી લાગુ કરવામા આવ્યો છે,જેને માલધારી પંચાયતો ની પરાર્મશ કે સંમતિ વિના લાગુ કરી દેવાયુ છે અને વર્કિંગ પ્લાન હેઠળ ની સુચિત પ્રવૃતિઓ તેમજ માલધારીઓના પરંપરાગત ચરિયાણ વિસ્તારોમા વાડા બાધવાથી વન અધિકાર કાનુન હેઠળ અધિકારોનુ હનન થયુ છે.

બાબત-૩ કચ્છ વન વિભાગ દ્રારા બન્ની વિસ્તારમા તારબંધી અને વાડા બનાવીને અમારા પશુઓના ચરીયાણના હનન બાબતે.

ટિપ્પણી:-

વન વિભાગ દ્રારા બન્ની વિસ્તારમા અલગ અલગ યોજનાઓ હેઠળ જે કામગીરી યયેલ છે. તે નિયમસર કરવામા આવેલ છે અને ઘાસીયા જમીનના સુધારણા માટે ચરિયાણ પર નિયમન કરવા જે વાડ ઊભી કરવામા આવેલ છે તે કાયમી નહી પરતુ પાચ વર્ષ પુરતી જ છે અને ત્યાતબાદ આ જમનની સુધારણા થયેથી આ વાડ છુટી કરવાની રહે છે.આ કામગીરીમા કોઇ સમુદાય કે પંચાયતના અધિકારો છીનવાયા કે ભંગ કરવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી.

- ઊપર જણાવ્યુ એમ વન અધિકાર અધિનિયમ બીજા કાયદાઓમા કોઇ પણ નિયમ હોવા છતા અધિકારો ને ઓળખી તેમને સુપરત કરે છે.વન વિભાગ સેકશન ૪(૧) અને ૪(૫) દ્રારા રક્ષિત અને માન્યતા પ્રાપ્ત અધિકારો ને કોઇ પણ યોજના કે નિયમ અંતર્ગત ચાલતી પ્રવૃતિઓ દ્રારા અધિકારો નુ હનન કરી શકે.

બાબત-૪

બન્ની વિસ્તાર રક્ષિત જંગલમા વસતા અન્ય પરંપરાગત વનનિવાસીઓના સામુદાયિક અધિકારો કાયમ કરવા વન અધિકાર કાનુન-૨૦૦૬ લાગુ કરવા અંગે

ટિપ્પણી

વન અધિકાર કાનુન-૨૦૦૬ અન્વયે આ વિસ્તારના લોકોના સામુદાયિક નિયત કરવાની કામગીરી વનવિભાગ દ્વારા કરવાની હોતી નથી જે ધ્યાને લેવા વિનંતી છે.

- નોધનીય છે કે કલમ ૭ અને ૮ હેઠળ કરેલ અરજી SLMC અને આદિવાસી કલ્યાણ વિભાગને સંબોધીને કરવામા આવેલ હતી કેમકે તેઓ વન અધિકાર કાનુનના અમલીકરણ તેમજ વર્કિંગ પ્લાન દ્વારા થતા અધિકારોના હનન સંદર્ભે જવાબદાર અધિકારીઓ તરીકે પગલા લઇ શકે છે. વન વિભાગ એ સત્તા નથી જે વન અધિકારો બાબતે કાર્યવાહી કરી શકે ,સાથે જ વનવિભાગ કોઇપણ યોજના કે નિયમ હેઠળ કોઇ પણ એવી પ્રવૃતિ કરી શકે જે વન અધિકાર કાનુન દ્વારા માલધારીઓને મળતા અધિકારોનુ હનન કરે છે.

  ઉપરની હકીકતોના મતે અમો નીચે મુજબ ની અમારી માંગો, જે SLMC ને મોકલેલ આગળની નોટીસ મા મુકી હતી, તેનો ભારપુર્વક પુનરૂચ્ચાર કરીએ છીએ.

૧. બન્ની એક રક્ષિત જંગલ છે,વન વિભાગ દ્વારા વર્કિંગ પ્લાન ના અમલીકરણ માટે હાથ ધરાયેલ પ્રવૃતિઓ અને ચરીયાણ વિસ્તારો મા વાડા બાધવાથી વન અધિકાર કાનુન હેઠળ માન્યતા પ્રાપ્ત અને સુરક્ષિત અધિકારોનુ હનન થાય છે,તેથી આ બાબતે તાત્કાલીક પગલા લેવામા આવે.

૨. હજી અધિકારો ને માન્યતા આપવાની પ્રક્રીયા પુર્ણ થઇ નથી અને વર્કિંગ પ્લાનનો અમલ તેમજ ચરીયાણ વિસ્તારમા વાડા બાધવાથી વન અધિકાર કાનુન ના સેકશન -૪(૫) નો ઉલ્લઘન થાય છે,તેથી તેના અમલ ને તરત જ અટકાવવુ જોઇએ અને વનવિભાગ દ્વારા ઉભા કરાયેલા બધાજ વાડાને દુર કરી દેવા જોઇએ જેથી પશુઓ માટે પુનઃચરીયાણ વિસ્તાર બની શકે.

૩. કચ્છ અને બન્ની વિસ્તારમા વન અધિકાર કાનુન-૨૦૦૬ નુ તરત જ અમલીકરણ થવુ જોઇએ. જયા સુધી તેનુ અમલ ન થાય, ત્યા સુધી વન વિભાગ દ્વારા બન્નીમા હાથ ધરાયેલા બધી પ્રવૃતિઓ બંધ થવી જોઇએ.

   અમે આપને વિનતી કરીએ છીએ કે વન અધિકાર કાનુનને અમલ કરવા તાત્કાલીક પગલા લેવા તથા વન વિભાગ ને વર્કિંગ પ્લાન નુ અમલ અને અન્ય યોજનાઓ હેઠળ ચરીયાણ વિસ્તારોમા વાડા બાંધવા પર રોક લગાડવા માટે દિશામાન થવુ.

જેમા DLC અને SDLC નિયુકત કરવા તાત્કાલીક ધોરણે જાહેરનામુ બહાર પાડે.જો સરકાર અને નિયુકત અધિકારીઓ આ બાબતે કોઇ પ્રતિકાર નિર્ણયો લેવામા નિષ્ફળ રહેશે તો અમને ન છુટકે કાયદેસર કાર્યવાહી કરવાની ફરજ પડશે.

નકલ રવાના:-

૧. શ્રી.વી.કિશોરચન્દ્ર દેઓ.માન.સચિવ,આદિવાસી

૨. શ્ર મંગુભાઇ પટેલ,મંત્રીશ્રી આદિવાસી વિકાસ,વન અને પર્યાવરણ,ગુજરાત સરકાર

૩. સચિવ,આદિવાસી વિકાસ વિભાગ.સચિવાલય ગાધીનગર

૪. સચિવ વન અને પર્યાવરણ વિભાગ,સચિવાલય,ગાધીનગર

૫. કલેકટર શ્રી,જિલ્લા સેવા સદન,ભુજ-કરછ

૬. પ્રિન્ટ-ઇલેકટ્રોનીક,મીડીયા

લી.

સરપંચ
શ્રી દદધર મોટી જૂથગ્રામ પંચાયત
તા.ભુજ-કચ્છ.